શ્રી શ્યામજી કૃષ્ણ વર્માં વિદ્યાલય
"યોગ: કર્મસુ કૌશલમ્"

GMDC
FUELING THE GROWTH

નવેમ્બર– ૨૦૧૮

અંક – ૧૮



# અરુણોદય



**તમારી ધરતીને સ્મિત આપો**


## સંપાદકીય બોર્ડ

- એચ.કે. જોષી
- એસ.જે.મેહ્તા
- એમ.એમ.ઠક્કર


## અનુક્રમણિકા


– ધર્મ
– સત્ય ઘટના
–माँ शक्ति आपके रूप अनेक
– દિકરી વહાલનો દરીયો
– નિવૃત્ત થયેલા તમામ મિત્રોને બે શબ્દો સપ્રેમ......
– પ્રેરક પ્રસંગ
– શાળા ની પ્રવૃત્તિઓ



# ધર્મ



Chanchu Rekhaben J.
Secondary teacher Eng.med.

ભારતીય સંસ્કૃતિનું પ્રતીક એવા શ્રીકાન્ત આપટેજીની આત્મકથાનું એક પુસ્તક "હું" માં ધર્મ શું છે ? એ અંગેનું તેમનું હદયમંથન દર્શાવતો એક પ્રસંગ.

શ્રીકાન્ત આપટેજીના બાળપણમાં જ તેમની માતાનું મૃત્યુ થયુ હતું. પિતાજી સરકારી અધિકારી હતા તેથી તેમની બદલીના પશ્નોને લઈને તેમનું ભણતર ન બગડે એ માટે તેમણે મોસાળમાં રહીને ભણવાનું હતું. આપટેજી પહેલા ખોળાના પુત્ર હતા તેથી મોસાળમાં એમનું નામ ગણપતિ હતુ. નાનીનું આંગણુ વાળવા એક બાઈ આવતી તેનું નામ સુગંધી હતું. તેમની માતાના મૃત્યુ પછી કોણજાણે સુગંધી તેમના પર ખુબજ હેત વરસાવતી. આપટેજી જ્યારે આઠ વર્ષના હતા ત્યારે સુગંધી પચાસ વર્ષની હતી.

આપટેજીના મોસાળમાં પૂજામાં લગભગ સો જેટલા દેવી દેવતાઓની સુંદર મૂર્તિ હતી. તે દરેકને પોતપોતાની વિશિષ્ટતા હતી. કેટલાક કુળ દેવતા, કેટલાક ગૃહ દેવતા તો કેટલાક ગ્રામદેવતા હતા. કેટલાક વાસ્તુદેવતા તો કેટલાક ધર્મદેવતાઓ હતા.

ઉનાળાની રજાઓમાં ગણપતિ એના પિતાજી પાસે ગયો હતો. મહિના પછી તે જ્યારે પાછો આવ્યો ત્યારે ખબર પડી કે સુગંધીને ખૂબ તાવ આવે છે. તાવમાં તે' ગણુ ગણુ ' બબડયા કરે છે. આ વાતની જાણ થતા ગણપતિ ઉદાસ રહેવા લાગ્યો. અભ્યાસમાં પણ તેનું મન લાગતુ ન હતું. બીજે દિવસે તેને ખબર મળીકે તે હરિજન હોવાના કારણે કોઈ વૈધ તેને ઘરે જવા તૈયાર નથી. એની પાસે દવાના પૈસા પણ ન હતા. ગણપતિ આખીરાત વિચારતો રહયો આને હું કેવીરીતે મદદરૂપ થાઉં.તેને થતુ કે સારવારના અભાવે સુગંધી મરીતો નહીં જાય. ગણપતિને થતુ કે કોઈ વૈધ કે હકીમને બતાવી સુગંધીને માંદગીમાંથી છોડાવું પણ શું કરે? પૈસા ક્યાંથી લાવે? પૂજા કરતા કરતા ગણપતિના મગજમાં એક વિચાર વિજળીની જેમ ચમકી ઉઠયો " હું ચાંદીના ભગવાનને વેચી શા માટે ન દઉં ? " તેમના મામાના ત્યાં દેવમંડળીમાં કેટલાક પથ્થરના , કેટલાક તાંબાના ને કેટલાક પિતળના તથા ચાંદીના દેવ પણ હતા. ગણપતિએ ચાંદીના ગરુડજી ઉપાડયા , સોનીને ત્યાં જઈ તેને વેચી દીધા. એના જે પૈસા આવ્યા તે લઈ ગણપતિ હકીમજીપાસે પહોચ્યોં. તેમને લઈ સુગંધીને ઘેર પહોંચી ગયો. હકીમજીની દવાથી સુગંધી આઠદસ દિવસમાં સારી થઈ ગઈ. કેટલાક દિવસ ગણપતિ જ પૂજાનું કામ સંભાળતા તેથી મામાને ખબર પડી નહી. થોડા દિવસ પછી કોઈના લગ્નમાં બાળકોને બહાર જવાનું થયું એટલે પૂજાની જવાબદારી મામા ઉપર આવી ગઈ. તાંબાની નાની કથરોટમાં એક –એક દેવતાઓને સ્નાન માટે પધરાવતા ગયા. સોળમાં આસનનું સ્થાન ખાલી હતું. જ્યારે તેઓ લગ્નમાંથી ઘેર પાછા આવ્યા ત્યારે મામાએ પૂછયુ : ગણ્યા , ગરુડજી ક્યાં ગયા ? ગણપતિએ એટલોજ રુઆબથી કહ્યું : " ગરુડ મહારાજ દીન – દુ:ખિયાની દર્દ નિવારણ માટે વિષ્ણુ ભગવાનને લેવા ગયા છે. પછીતો મામએ પોતાની પરંપરાગત રીતથી ગણપતિને ખૂબ માર્યો. પંદર દિવસ ગણપતિને ખાટલે પડયા રહેવું પડયું

ધર્મ અંગે મનુષ્યે ઉભા કરેલા ભગવાનો અંગે આપટેજીના મનમાં અનેક પ્રશ્નો ઉઠયા હદયમંથન થયું છેવટે ભગવાન– પરમાત્મા તથા ધર્મ સંબંધમાં કેટલાક વિચાર મૂલ્યો સ્થિર થઈ ગયા. ધર્મતો ચિંતન પ્રકાશ છે સૂર્ય એક એનો પ્રકાશ પણ એક ધર્મતો ઈશ્વરરૂપી સૂર્યનો જ્ઞાનપ્રકાશ છે.



# સત્ય ઘટના



કુ. એન.બી. સોરઠીયા
ઉચ્ચ.માધ્ય.શિક્ષક

એક દિવસ સ્કોટલેન્ડના કિસાન ફ્લેમિંગે પોતાના ખેતરમાં દૂરથી મદદ માટેનો તીવ્ર આંતર્નાદ સાંભળ્યો. એ પોકાર પાસેના કળણમાં ખૂંપી ગયેલા એક છોકરાનો હતો. ફ્લેમિંગ તો ચીસ સાંભળીને દોડયા. જઇને જોયું તો એક ગભરાઇ ગયેલો છોકરો છાતી સુધી ભેજવાળા કળણમાં ખૂંપી ગયો હતો. તેનો ચહેરો કાદવથી ખરડાયેલો હતો. જો ફ્લેમિંગ મદદે દોડી જવામાં થોડાક મોડા પડયા હોત તો એ છોકરો મોતને ભેટયો હોત.

બીજે દિવસે એ ખેડૂતના ખેતર પર એક  ઘોડાગાડી આવી પહોંચી. સ્કોટલેન્ડનો ભોળો ખેડૂતતો જોતોજ રહી ગયો. એ ગાડી માંથી એક ઉમરાવ બહાર આવ્યો એ ઉમરાવ પેલા બચી ગયેલા છોકરાનો પિતા હતો. ઉમરાવે નમ્રતાપૂર્વક ફ્લેમિંગને કહ્યું મારે તમારા ઉપકારનો બદલો ચૂકવવો છે. તમે મારા દિકરાની જિંદગી બચાવી છે હું તમારું ઋણ શી રીતે ચૂકવી શકું? ફ્લેમિંગે ઉમરાવને કહયું :' ના સાહેબ ' મેં જે કર્યુ તે મારી ફરજ મુજબ કર્યુ.

ઉમરાવ અને ખેડૂત વાત  કરી રહ્યા હતા તે જ ક્ષણે ખેડૂતનો દિકરો ત્યાં આવી ચડયો. ઉમરાવે ગૌરવભેર પૂછ્યું : આ તમારો દિકરો છે ? ફ્લેમિંગ  કહ્યું :હ,  ઉમરાવે ખુશ થઇને ફ્લેમિંગને કહ્યું  ;  મારે તમારા સાથે સોદો કરવો છે. મારા દિકરાને  શિક્ષણ મળવાનું છે તે જ કક્ષાનું શિક્ષણ તમારા દિકરાને પણ મળે એટલું મને કરવા દો.

ખેડૂત ફ્લિમિંગ નો દિકરો તે સમયની શ્રેષ્ઠતમ નિશાળમાં ભણ્યો. ખૂબ આગળ વધ્યો પછીના વર્ષોમાં સ્કોટિશ ખેડૂતનો એ દિકરો પેનિસિલિનની શોધ કરનાર એલેકઝાન્ડર ફ્લેમિંગ તરીકે જગવિખ્યાત થયો.

વર્ષો વીતી ગયા અને એક દિવસ  પેલાં ઉમરાવનો દિકરો ન્યુમોનિયામાં પટકાયો. કળણમા ખૂંપી જતા બચી ગયેલા એ બેટાની જિંદગી ફરી પેનિસિલિનને કારણે બચી ગઇ. એ ઉમરાવનું નામ હતું રેન્ડોલ્ફ ચર્ચિલ .  બે વાર મરતાં બચી ગયેલા એ દિકરાનું નામ હતું વિન્સ્ટન ચર્ચિલ . પાછળથી ચર્ચિલ બ્રિટનના વડાપ્રધાન બન્યા.

આવી ઘટનાઓ તો બનતી હોય છે પણ આપણે એ યાદ કરતા નથી કે  વાગોળતા નથી. આવી ઘટનાઓ મનુષ્ય જ્યારે વાગોળતા વાગોળતા જીવે કે બીજાના ઉપકારોને ગૌરવભેર યાદ કરે ત્યારે તે ખરા અર્થમાં યર્થાથ જીવન જીવ્યો ગણાય.



# माँ शक्ति आपके रूप अनेक



*Bina D. Bhatt*
*Sec. School Teacher*

माँ शक्ति का है आप रूप, दिखती आप माँ स्वरुप
विश्व को आप है बचाती और नाश असुरों का है करती
तारीफ करू क्या उनकी
जिसने हम सबको बनाया ।

आप ही तो है जगदम्बा, आप ही तो है कालिका
आप ही तो है वैष्णोदेवी, आप ही है खीरभवानी
क्या नाम लू मै आपका
आपने भव्य रूप है दिखाया
माँ शक्ति का है ................

कच्छ की है माँ आशापुरा, मेहसाणा की माँ अम्बे
आपको कोई कहे वाहणवटी, तो कोई माँ ब्रम्हाणी,
भूले कैसे आपका उपकार
हर बार हमें है बचाया
माँ शक्ति का है................

आपके नाम का गरबा गाते और आरती भाव से है करते
आपके नाम का डंका बजे हम सबकी है अभिलाषा
जिसने भी है दिल से पुकारा
उसने ही है दर्शन पाया
माँ शक्ति का है..............

# દિકરી વહાલનો દરીયો



શૈલેષકુમાર જયંતિલાલ મહેતા,
આચાર્યશ્રી, શ્રી એસ.કે.વી.વિધાયલય.

- ☺ બાપને નાની નાની વાતમાં પણ વઢી શકે એ પાત્ર એટલે દીકરી
- ☺ એક લીલા પાનની અપેક્ષા હોય, પરંતુ આખી વસંત ઘરે આવે એ દીકરી
- ☺ દીકરી છે ????? તો સમય જરૂર આપજો સાસરે વળાવ્યા પછી તો દીકરી પાસે પણ સમય નથી હોતો.
- ☺ ત્યાં આખાય બગીચાની સુગંધ ઓછી પડે છે જેના આંગણે દીકરી ખીલખીલાટ કરતી નજરે ચડે છે.
- ☺ દીકરી જે માંગે એ લઈ આપો સાહેબ લગ્ન પછી તમે ચાહે કેટલું પણ આપશો એ એવું જ બોલશે આની શું જરૂર હતી પપ્પા .......... ,
- ☺ દરેક દીકરીના નસીબમાં માતા-પિતા હોય છે પણ દરેક માતા-પિતાના નસીબમાં દીકરી નથી હોતી
- ☺ દીકરો એક કુળને તારે છે જ્યારે દીકરી બે કુળને તારે છે (૧) તેના પિયર પક્ષ ને (૨) તેના સાસરા પક્ષને
- ☺ પપ્પા, તમે મારી સહેજ પણ ચિંતા ના કરતા હું તો દીકરી છું, એક ખળખળ વહેતી નદી. મારો રસ્તો હું કંડારી લઈશ મારો સાગર મને મળી ગયો છે, હું એમાં ભળી જઈશ . મારું ભાગ્ય અને તમારા આર્શીવાદ હંમેશા મારી સાથે રહેશે.
- ☺ વિદાય સમયે હું તો રડીશ પપ્પા એ તો મારો અધિકાર છે. મને એ પણ ખબર છે કે મમ્મી-પપ્પા ...... તમે પણ રડયા વગર નહી રહી શકો પણ એ રૂદનમાંય મારા સુખી થવાના આર્શીવાદ ઉભરાતા હશે.
- ☺ મમ્મી-પપ્પા ..... તમે મને ભૌતિક સ્વરૂપે તો ઘણું આપ્યુ જ છે પરંતુ માનસિક અને આધ્યત્મિક સ્વરૂપે જે આપ્યુ છે એના માટે હું અને મારી આવનારી પેઢીઓ સદૈવ તમારી રહેશે.
- ☺ હા, હું આવીશ ચોક્કસ આવીશ. પિયર તો મારી વડલાવાળી પરબ છે. જ્યારે જ્યારે જીવનપથમાં થાકીશ ત્યારે વડલાની નીચે વિસામો ખાવા અને પરબ પર મારી તરસ છીપાવવા માટે જરૂરથી આવીશ.
- ☺ તમે થાકયા પાકયા ઘરે આવો અને એક મીઠી નજરથી તમારો બધો થાક ઊતરી જાય એનું નામ દીકરી
- ☺ દીકરી પરીવારના સૌને લાગણીના તાંતણે જોડી રાખે છે એટલે વહાલનો દરિયો કહેવાય છે દીકરી

# નિવૃત થયેલા
# તમામ મિત્રોને
# બે શબ્દો સપ્રેમ......



વી.કે.સોલંકી
એસ.એમ.ઈ.ઓપરેટર
લિગ્નાઈટ પ્રોજેક્ટ ઉમરસર

નિવૃત થેયલા તમામ મિત્રોને બે શબ્દો સપ્રેમ...............

નથી વેડફી, નોકરીમાં, ક્યારેય, એક ક્ષણ કદી નકામી,!!!
પરંતુ, નિવૃત્તિમાં, નવરા બેસી રહેવાની, મજા પણ કઈક ઓર હોયછે !

ના જાગવાની કોઈ ઝંઝટ , ના ઊંઘવાની કશી ઉતાવળ !
અભેરાઈએ ચડાવી દો એલારામ ને, મોડા ઉઠાવાની મજા પણ કઈક ઓર હોય છે
,

યુનીફોર્મમાં રહ્યા સદા અંકુશ માં ! ખુદ ને મિટાવી રહ્યા કાયમ ખુશ માં
ભૂલી જાઓ એ બધું , મુક્તિને, માણવાની મજા પણ કઈક ઓર હોય છે.

શિડયુલ પ્રમાણે શિફ્ટ કરવાની કાયમ ! ફિગર રેડી ના હોય તોય ફિંગર કરવાની ??
શરીર ને સાચવો હવે ,આળસુ થઈ ને, આરામ ફરમાવાની મજા પણ કઈક ઓર હોય છે.

બદલીની બીકમાં કશું બોલીના શક્યા ,લોકેશન ની લ્હાય માં લડી ના શક્યા ,
ફગાવી દ્યો એ ફડફડાટ, માથું ઉચકીને માગવાની મજા પણ કઈક ઓર હોય છે.

છૂટી ગયા, સીએલ,ઈએલ,સીકના છટકામાંથી, ના ઉગારી શક્યું કોઈ એ ખટકામાંથી
ફરો હવે ફાવેતેમ,ફિકર વિના, રજા વગર રખડવાની મજા પણ કઈક ઓર હોય છે .

બોલવાનું હતું ત્યાં બોલી ના શક્યા, આક્રોસ કોઈ ની આગળ ઓલવી ના શક્યા !
હવે ફેંકો, ફેંકવું હોય તેટલું બિન્દાસ ,બેધડક બોલવાની મજા પણ કઈક ઓર હોય છે .

હાજી. હાજી . જી હા, જી હા, કહીને વેડફી નાખી, જીન્દગી આખી, જીહજુરીમાં ,!!!
જલસા કરી લ્યોને જેન્તીલાલ , સમય આવ્યે સામા પડવાની મજા પણ કઈક ઓર હોય છે.

વિતી ગયેલા વર્ષો કદી પાછા નહી વળે , છોડી ગયાછે જે સાથ એ ફરી નહી મળે,
અંતિમ ક્ષણ સુધી કરી લ્યો આનંદ ,મૃત્યુ ટાણે મુસ્કુરાવાની મજા પણ કઈક ઓર હોય છે.

સ્વરચિત : વિ .કે .સોલંકી



# પ્રેરક પ્રસંગ



પી.બી. પ્રજાપતી
ઉચ્ચ.માધ્યમિક શિક્ષક

એક વખત વિવેકાનંદને અમેરિકામાં એક છોકરાએ કહ્યું, સાહેબ  છાપું લ્યોને! સ્વામી વિવેકાનંદે કહ્યું : ' મારે છાપું લેવું નથી.'

છોકરાએ કહ્યું : 'સાહેબ , તમારી પાસે આ છાપું લેવા જેટલા પણ પૈસા નથી ?   સ્વામીજીએ કહયું 'છાપું લઇ શકુ એટલાં પૈસા તો છે પણ મારે છાપાની જરૂર નથી. ફરીથી છોકરાએ આગ્રહ કર્યો. સ્વામીજીએ પૂછયું  ભાઇ તારા મા-બાપ જીવે છે  તો ખરાને ?  છોકરાએ કહયું : હા, સાહેબ મારા મા – બાપ છે. સ્વામીજીએ પૂછયું : તો પછી એ ગરીબ છે કે દિવ્યાંગ ? છોકરાએ કહયું : ના, મારા મા – બાપ  ગરીબ કે દિવ્યાંગ નથી, એ તો તંદુરસ્ત છે.

સ્વામીજી એ ફરી પૂછયું : તો તું છાપા કેમ વેચે છે? છોકરાએ કહ્યું : સાહેબ, શું બાળકો પોતાનો ખર્ચો પોતે કમાઇને ન મેળવી શકે ? છાપા વેચીને મેળવેલા પૈસામાંથી હું શાળાનો યુનિફોર્મ,મારા પુસ્તકો ખરીદું છું. મારા ભણવાનો ખર્ચ હું મારા મા – બાપ પાસેથી માંગતો નથી.

સ્વામી વિવેકાનંદ તો નવાઇ પામી ગયા, તેમને પોતાના દેશનાં બાળકોનું પરાવલંબી પણ યાદ આવી ગયું. તેમણે તે બાળક પાસેથી છાપું વેચાતું લઇ લીધું અને છાપું વેચતા છોકરાને આવો પરિશ્રમ કરવા બદલ ધન્યવાદ  આવ્યા. ખરેખર બાળક જ્યારે બાળપણ થી જ પરિશ્રમ નો મહિમા  સમજી જાય તો તે જીવનમાં ક્યારેય હતાશ થતો નથી કે પાછો પડતો નથી.

# શાળા ની પ્રવૃત્તિઓ
















## GMDC - CSR

## પ્રવૃતિ હેઠળ

## " સ્કુલ સ્વાસ્થ્ય જાગૃતિ" કાર્યક્રમ

### શ્રી એસ.કે.વી. વિદ્યાલય અને આજુબાજુનાં ગામનાં શિક્ષકો માટે તાલીમાર્થી ની તાલીમ શિબિર





# જિલ્લા કક્ષાની સ્કેટીગ સ્પર્ધા